PG CL — પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ — PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા મેઈન રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

| પીજીવીસીએલ/સીજીઆરએફ/રાજકોટ/ક્વા–૦૨/૧૭–૧૮/ [illegible] 6996 | તા. 11/08/17 |
|---|---|

રજી. એડી. પત્ર

પ્રતિ,
યોગેશભાઈ એન. માણેક,
C/O, જીજ્ઞેશભાઈ મનસુખભાઈ મારડીયા,
– ગોપાલ ભુવન– ,
વિશ્વ નગર શેરી નં.: – ૧૦,
ઉમીયા મેડીકલ સામે,
રાજકોટ
મો: ૯૭૨૩૦ ૩૧૧૮૬

વિષય :– વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૨–૦૭–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૪/ક્વા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.- 3 .)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No :- 06 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૪/કવા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૮–૦૭–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: યોગેશભાઈ એન. માણેક, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી જીજ્ઞેશભાઈ મનસુખભાઈ મારડીયા હાજર રહેલ હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી, રાજકોટ –કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ

રજુઆત કરનાર :એન.ડી.રૂધાણી (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૦૬૦૪/૦૫૮૬૬/૩ મા – પીજીવીસીએલ તરફથી, માહે મે–જુન– –૧૭ નુ, તા.૦૮–૦૭–૧૭ ના રોજ નુ, જે ૬૧૫ યુનીટ ની રકમ રૂ.૪,૨૧૧/૭૫ નુ બીલીંગ થયેલ છે, તે બીલીંગ વાસ્તવિક અને વ્યાજબીપણા હેઠળ નુ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૦૬૦૪/૦૫૮૬૬/૩ મા – પીજીવીસીએલ તરફથી, માહે મે–જુન– –૧૭ નુ, તા.૦૮–૦૭–૧૭ ના રોજ નુ, જે ૬૧૫ યુનીટ ની રકમ રૂ.૪,૨૧૧/૭૫ નુ બીલીંગ થતા, સદર બીલ વિશેષતમ વીજવપરાશ નુ હોવાના કારણોસર ની અરજદાર શ્રી ની પીજીવીસીએલ મા કરાયેલ એવી ફોરમ સમક્ષ ની સવાલવાળી તા.૧૨–૦૭–૧૭ ના રોજ ની નોંધાયેલ ફરીયાદ અરજી ના આધારે, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ના સદર ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૦૬૦૪/૦૫૮૬૬/૩ નુ સવાલવાળુ જુનુ એવન કંપની ના મીટર નં. પીજીએસટી: – ૦૨૦૬૧૨૭૫, જે તા.૧૮–૦૭–૧૭ ના રોજ ચેકીંગ શીટ નં.: ૪૩૪૩૧૯ થી, છેલ્લા રીડીંગ ૪૩૨૦ યુનીટ હેઠળ, સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે જોડાણ મા કુલ ૨૧૬૯ વોટ નો વીજભાર જોડાયેલ હતો. તેમજ, તા.૧૮–૦૭–૧૭ ના રોજ નવુ જીનસ કંપની ના મીટર નં. પીજીએસટી: – ૦૩૫૬૩૫૬૬ જે શરૂઆતના ૦૦૦૦૨ યુનીટ થી લગાડવામા આવેલ હતુ. |
| ૨.૨ | ત્યારબાદ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે નુ, ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૦૬૦૪/૦૫૮૬૬/૩ નુ સવાલવાળુ જુનુ એવન કંપની ના મીટર નં. પીજીએસટી: – ૦૨૦૬૧૨૭૫, જે અરજદાર શ્રી ના પ્રતિનીધી શ્રી જીજ્ઞેશભાઈ મનસુખભાઈ મારડીયા ની હાજરી મા, તા.૦૪–૦૮–૧૭ ના રોજ, પીજીવીસીએલ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર ને મીટર ટેસ્ટીંગ બેંચ પર ચડાવી અને ટેસ્ટ કરતા, મીટર યોગ્ય ફરતુ જણાયેલ હતુ, તેમજ તાંત્રીક રીતે યોગ્ય હતુ. અને મીટર મા છેલ્લા રીડીંગ ૪૩૨૦ યુનીટ નોંધાયેલ હતા. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ ડાઉનલોડ કરાયેલ હતો. |

| | |
|---|---|
| ૨.૩ | ઉપરોક્ત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે ના, તા.૦૪–૦૮–૧૭ ના રોજ ની લેબોરેટરી ચકાસણી દરમ્યાન ડાઉનલોડ કરાયેલ એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ વિગતો અભ્યાસે લેતા – અરજદાર શ્રી ના સદર જોડાણ મા અગાઉ, માહે માર્ચ–એપ્રીલ– ૧૭ ના રોજ ના, તા.૦૩–૦૫–૧૭ ના રોજ ના, વાસ્તવિક બીલીગ મુજબ ના, સદર મીટર મા છેલ્લા રીડીગ ૩૬૨૯ નોંધાયેલ હતા. જે આ સમયગાળા ના જ, એટલેકે – સદર બીલીગ ની તા.૦૩–૦૫–૧૭ પછી ના ૧૪ દિવસ બાદ ના, એટલેકે તા.૧૭–૦૫–૧૭ ના રોજના એમ.આર.આઈ. અહેવાલ મુજબ – મીટર મા ૩૮૯૨ યુનીટ – જે ૧.૯૦ કીવો વીજવપરાશી વીજભાર મુજબ નોંધાયેલ હતા. ત્યારબાદ, તા.૨૪–૦૬–૧૭ ના રોજ ૪૧૭૭યુનીટ, જે ૧.૫૦ કીવો વીજવપરાશી વીજભાર મુજબ નોંધાયેલ હતા. ત્યારબાદ, તા.૧૩–૦૭–૧૭ ના રોજ ૪૩૨૦ યુનીટ , જે ૧.૫૦ કીવો વીજવપરાશી વીજભાર મુજબ નોંધાયેલ હતા. આમ, અગાઉ ના માહે માર્ચ–એપ્રીલ– ૧૭ ના, તા.૦૩–૦૫–૧૭ ના રોજ ના બીલીગ સમયગાળા ના છેલ્લા ૩૬૨૯ યુનીટ મા, તા.૦૩–૦૫–૧૭ થી મીટર ઉતાર્યા તા.૧૮–૦૭–૧૭ સુધીના છેલ્લા રીડીગ, ૪૩૨૦ યુનીટ – એટલેકે ૭૭ દિવસ મા – ૬૯૧ યુનીટ, જે નોંધાયેલ છે, તે ૬૯૧ યુનીટ, જે સદર જોડાણ મા, તા.૦૩–૦૫–૧૭ થી, મીટર ઉતાર્યા તા.૧૮–૦૭–૧૭ સુધીના ૭૭ દિવસ દરમ્યાન, અરજદાર શ્રી ના સદર જોડાણ મા – સતત ૧.૫૦ કીવો થી વિશેષ વીજભાર વીજવપરાશી થયેલ હોવાના કારણોસર ન ા જ, સદર ૭૭ દિવસ ના સમયગાળા ના, ૬૯૧ યુનીટ નો જે, વીજવપરાશ થયેલ હોવાની બાબત રેકર્ડ આધારીત રીતે સ્પષ્ટ થયેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ, માહે મે–જુન–૧૭ નુ, તા.૦૮–૦૭–૧૭ ના રોજ નુ, જે ૬૧૫ યુનીટ ની રકમ રૂ.૪,૨૧૧/૭૫ નુ, જે બીલીગ, પીજીવીસીએલ તરફથી કરાયેલ છે, તે બીલીગ, સદર જોડાણ ના તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર મા, નોંધાયેલ એવા, જોડાણ ના, ૧.૫૦ કીવ થી વિશેષ વાસ્તવિક વીજભાર અન્વયે ના નોંધાયેલ એવા વાસ્તવિક યુનીટ મુજબ નુ જ છે. |

મુદદા નં.–૩ :      : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની , ફોરમ સમક્ષ ની સવાલવાળી મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ નુ મીટર, જે સ્થળ પર થી ઉતારી અને, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા લેબોરેટરી મા, ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર યોગ્ય ફરતુ હોય, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હતુ. તેમજ, લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર ના ડાઉનલોડ કરાયેલ એમ.આર.આઈ. અહેવાલ મુજબ, સદર મીટર મા નોંધાયેલ એવા છેલ્લા રીડીગ – યુનીટ, જે – પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં.૨.૩ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના સદર જોડાણ મા, જોડાયેલ અને વાસ્તવિક વીજવપરાશી એવા, ૧.૫૦ કીવો થી વધુ વીજવપરાશી વીજભાર ને આનુષાંગીક જ હોવાની બાબત, જે સદર મીટર ના એમ.આર.આઈ. અહેવાલ મા જણાયેલ એવી રેકર્ડ આધારીત બાબત હેઠળ ની જ હોવાની – પૂર્તતા હેઠળ સ્પષ્ટ થયેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ, માહે મે–જુન–૧૭ નુ, તા.૦૮–૦૭–૧૭ ના રોજ નુ, જે ૬૧૫ યુનીટ ની રકમ રૂ.૪,૨૧૧/૭૫ નુ, જે બીલીગ, પીજીવીસીએલ તરફથી કરાયેલ છે, તે બીલીગ, સદર જોડાણ ના, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ એવાં, મીટર મા નોંધાયેલ એવા – સદર જોડાણ મા, તા.૦૩–૦૫–૧૭ થી મીટર ઉતાર્યા તા.૧૮–૦૭–૧૭ સુધીના કુલ ૭૭ દિવસ દરમ્યાન, સદર જોડાણ મા, અરજદાર દ્વારા થયેલ એવા, ૧.૫૦ કીવો થી વિશેષ વાસ્તવિક વીજભાર અન્વયે ના, નોંધાયેલ એવા વાસ્તવિક યુનીટ મુજબ નુ જ છે. તે મુજબ ની જ અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.-૪:** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ એવુ સવાલવાળુ, માહે મે-જુન-૧૭ નુ, તા.૦૮-૦૭-૧૭ ના રોજ નુ, જે ૬૧૫ યુનીટ ની રકમ રૂ.૪,૨૧૧/૭૫ નુ, જે બીલીગ, પીજીવીસીએલ તરફથી કરાયેલ છે, તે બીલીગ, સદર જોડાણ ના, તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ એવા મીટર મા નોંધાયેલ, એવા સદર જોડાણ મા, તા.૦૩-૦૫-૧૭ થી મીટર ઉતાર્યા તા.૧૮-૦૭-૧૭ સુધીના કુલ ૭૭ દિવસ દરમ્યાન, સદર જોડાણ મા, અરજદાર દ્વારા થયેલ એવા, ૧.૫૦ કીવો થી વિશેષ વાસ્તવિક વીજભાર અન્વયે ના, નોંધાયેલ એવા વાસ્તવિક યુનીટ મુજબ નુ જ છે. તે મુજબ ની જ અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.